**નવી બાબત ૨૦૨૩-૨૪**

**અનુસચિત જાતિની સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ૮૭ ગ્રાન્ટ-ઈન-એઈડ આશ્રમશાળાઓ પૈકી ૩૦ આશ્રમશાળાઓમાં ધોરણ-૮ના વર્ગ શરૂ કરવા તથા ધોરણ-૮ના શિક્ષકોની કુલ-૮૭ જગ્યાઓ ઉભી કરવા બાબત**

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/ASC/e-file/17/2023/0411/K,

સચિવાલય, ગાંધીનગર

તા.     /૦૪/૨૦૨૩

વંચાણમાં લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૯/૨૦૧૨નો ઠરાવ ક્ર: અસમ/૧૦૨૦૧૧/ન.બા.૩૭/ગ

(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૩૦/૦૧/૨૦૨૩નો પત્ર ક્રમાંક:અજાક/આ.શા/ ગ/૨૦૨૨-૨૩/૫૮૩-૫૮૪

આ મુ ખ:

અનુસૂચિત જાતિના લોકોનો સામાજિક, શૈક્ષણિક તથા આર્થિક રીતે વિકાસ થાય તે હેતુસર સરકારશ્રી દ્વારા અનેકવિધ યોજનાઓનો અમલ કરવામાં આવે છે. જે અંતર્ગત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે ધોરણ-૧ થી ૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે. આશ્રમશાળાઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની એક જ સંકુલમાં અભ્યાસ તેમજ મફત રહેવા-જમવાની સગવડ આપવામાં આવે છે. ભારત સરકારના મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ-૨૦૦૯ મુજબ શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૮નો પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ કરવામાં આવેલ છે. અને રાજ્યની તમામ માધ્યમિક શાળાઓમાંથી ધોરણ-૮ને રદ કરીને પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણમાં લીધેલ ક્રમાંક: (૧) થી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓમાં ધોરણ-૮નો વર્ગ શરૂ કરવાની મંજૂરી મળેલ હતી. જેના અનુસંધાને કુલ ૮૭ આશ્રમશાળાઓ પૈકી ૫૭ આશ્રમશાળાઓમાં ધોરણ-૮નો વર્ગ શરૂ કરવામાં આવેલ છે. બાકી રહેતી ૩૦ આશ્રમશાળાઓમાં ધોરણ-૮નો વર્ગ શરૂ કરવા તેમજ ધોરણ-૮ના શિક્ષકોની કુલ ૮૭ જગ્યાઓ ઉભી કરવા વહીવટી મંજૂરી મેળવી આપવા નિયામકશ્રી દ્વારા વંચાણે લીધા ક્રમ: (૨) સામેના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે અનુસૂચિત જાતિની હવે બાકી રહેલી ૩૦ આશ્રમશાળાઓમાં ધોરણ-૮નો વર્ગ શરૂ કરવા તથા ધોરણ-૮ના શિક્ષકોની કુલ ૮૭ જગ્યાઓ ઉભી કરવા અંગેની રૂ.૧૯૪.૪૧/- લાખની નવી બાબતની દરખાસ્તને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૨) સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજૂરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સામાન્ય વહીવટ વિભાગ/ નાણાં વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજૂરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(3) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૪) આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

(૫) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૬) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, અનુ. જાતિ કલ્યાણની રહેશે.

(૮) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણાં વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦૩/જીઓઆઈ/ ૧૦(પા.ફા.)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત

ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાંકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઉભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટસોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણાં વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૨) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાંકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, અનુ. જાતિ કલ્યાણે રાખવાની રહેશે.

(૧૩) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૧૪) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૧૫) સાધન તથા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ(Gem) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરી ખરીદી કરવાની રહેશે. પરંતુ, જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ અને ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી 'ના વાંધા પ્રમાણપત્ર(No Objection Certificate)' મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની જવાબદારી નિયામકશ્રી, અનુ. જાતિ કલ્યાણની રહેશે.

(૧૬) નાણાંકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૧૭) આ યોજનાને DBT Portal ઉપર ફરજિયાત નોંધાવવાની રહેશે.

(૧૮) C.M. Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૯) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૨૦) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૨૧) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨૨) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૨૩) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૨૪) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨૫) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૨૬) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૨૭) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૨૮) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૨૯) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩૦) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૯૫, મુખ્ય સદર-૨૨૨૫, અનુસૂચિત જાતિઓ,અનુસૂચિત જન જાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા-મુખ્ય સદર-૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ૨૭૭- શિક્ષણ, એસ.સી.ડબલ્યુ-૭ શ્રી જુગતરામ દવે આશ્રમશાળા યોજના(ગ્રા.ઈ.એ.) (અનુસૂચિત જાતિ) હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૧/૦૪/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધર્મિષ્ઠા વસાવા)

ઉપસચિવ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના:

Signature Not Verified
Signed by:Dharmishtha Vasava
Under Secretary
Date: 2023.05.01 12:48:24 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૩

Signature Not Verified

Signed by:Dharmishtha Vasava
Under Secretary
Date: 2023.05.01 12:48:24 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign